| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

**તા.૦૪/૧૦/૨૦૨૨ મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૧૭૭૪/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.03/૧૦/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં. | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૮ | ૦ | ૧૪૮ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૧ | ૦ | ૧૦૦૭૦૧ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૦ | ૨,૨૯,૨૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી અને જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૭૫/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૦ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૬૩ લીટર દેશી દારૂ, ૬૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૪ ક્વૉટર ઈંગ્લીશ દારૂ અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા મુજબ ૦૨ કેસ કરી, ૦૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૫,૩૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૭૬/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૭૭૭/૨૦૨૨**

**વાડજઃ** પ્રિયંકાબા રવિરાજસિહ જાડેજા (રહે. ફ્લેટ-૩૧૧ શિવમ એપાર્ટ્મેન્ટ મહાકાળી પાન પાર્લર પાસે નવા વાડજ) તા.૦૩/૧૦/૨૦૨૨ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે નવા વાડજ અખબારનગર એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડ પાસે ગાડી પાર્ક કરી ઉભા હતા ત્યારે એક પુરૂષ પ્રિયંકાબા જાડેજા ના પતિ પાસે આવી “આપ કી ગાડી મે આગે સે ઓઇલ નિકલ રહા હૈ” તેમ કહેતા પ્રિયંકાબા જાડેજાના પતિ ગાડીમાંથી નીચે ઉતરી ગાડીનુ બોનેટ ખોલી તપાસ કરતા હતા દરમ્યાન આ પુરૂષ ગાડીમાંથી બેગ ચોરી કરી લઇ ગયો હતો. જે બેગમાં સોનાની ત્રણ વીંટી કિમત રૂપિયા ૩૦,૦૦૦/- સોનાની બુટી કિમત રૂપિયા ૧૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૫૦૦/- હતા. આ અંગેની ફરીયાદ પ્રિયંકાબા જાડેજાએ વાડજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.વી.ચૌધરી ચલાવે છે.

**વસ્ત્રાપુરઃ** માહીરભાઇ જગદીશભાઇ મજેઠીયા (રહે. નિરાંત પાર્ક હાઉસ ઓનર્સ એસોશીયેશન સન એન્ડ સ્ટેપ ક્લબ સામે, સત્તાધાર ઘાટલોડીયા) એ તા.૦૩/૧૦/૨૦૨૨ સાંજના ૫/૪૫ વાગ્યાના સુમારે વસ્ત્રાપુર મેનેજમેન્ટ એન્ક્લેવ ઓફીસ નંબર-૨૦ પાવર જંક્શન નામની ઓફીસ સામે પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ કારમાંથી બેગ ચોરી કરી લઈ ગયા હતા. જે બેગમા લેપટોપ કિમત રૂપિયા ૧૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૪,૭૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧૪,૮૦,૦૦૦/- મતા હતી. આ અંગેની ફરીયાદ માહીરભાઇ મજેઠીયાએ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એલ.પટેલ ચલાવે છે.

**નરોડાઃ** અશોકભાઇ હસમુખભાઇ પટેલ (ઉ.વ.૫૨) (રહે. શ્યામ એલીગન્સ રોયલ આર્કેડ સામે ન્યુ શાહીબાગ નાના ચિલોડા નરોડા) એ તા.03/૧૦/૨૦૨૨ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે અશોકભાઇ પટેલના ઘરે નોકર તરીકે નોકરી કરવા આવેલ લતાબેન નામની મહીલા અને નિલેષભાઇ નામનો પુરૂષ તા.૦૧/૦૯/૨૦૨૨ કલાક ૯/00 થી ૧૧/00 વાગ્યા દરમ્યાન ઘરની તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૪,૫૧,૫00/- મતાની ચોરી કરી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.બી.સોલંકી ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૭૭૮/૨૦૨૨**

**વસ્ત્રાપુરઃ** ભાર્વીનભાઇ સુરેશભાઇ પટેલ (રહે. ગોપીનાથ સોસાયટી ગેલેક્ષી બજાર પાછળ ડ્રાઇવ-ઇન રોડ વસ્ત્રાપુર) એ તા.03/૧૦/૨૦૨૨ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૦૯/૨૦૨૨ થી તા.૨૫/૦૯/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન સોસાયટીના પાર્કિંગમા પાર્ક કરેલ પોતાની ટોયટા કંપનીની ફોરચ્યુનર કાર નંબર જીજે ૦૧ આરસી ૫૨૫૪ કિમત રૂપિયા ૯,00,000/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એસ.રાજપુત ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૭૭૯/૨૦૨૨**

**વાડજઃ** નવાવાડજ સહજ ફલેટ સામે નવી બનતી સાઈટ ખાતે કામ કરતા અને ત્યા જ લેબર કોલોની ખાતે રહેતા શિતલબહેન રાકેશભાઇ ડાવર (ઉ.વ.૧૯) (મુળ વતન.શેરપુરા અલીરાજપુર તા.જોબત મહારાષ્ટ્ર) એ અગમ્ય કારણસર તા.03/૧૦/૨૦૨૨ બપોરના ૨/૧૫ વાગ્યાના સુમારે નવાવાડજ સહજ ફલેટ સામે લેબર કોલોનીના ટોયલેટમાં પાણીની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.વી.ચૌધરી ચલાવે છે.

**વટવાઃ** મનીષકુમાર સ/ઓ અમરદીપસિંહ રાજપુત (ઉ.વ.૩૭) (રહે. અયોધ્યા એપાર્ટમેન્ટ ગામડી રોડ વટવા) એ અગમ્ય કારણસર તા.03/૧૦/૨૦૨૨ સવારના ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.બારીયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી